# ગણજો

પંચમ શુક્લ

ના કોઇ ટાણાનો ગણજો,
વાગ્યો ઘા રાણાનો ગણજો.

પથ્થર-દિલ છે ઘડનારો એ,
ઈશ્વર પણ પાણાનો ગણજો.

શૂરાએ સમજણ ઝટકાવી,
વિજય હવે શાણાનો ગણજો.

ઉભરાણી છે પ્રીત અધૂરી,
રાગ કરુણ ગાણાનો ગણજો.

બુલંદ થઇ જે પડઘાતો એ,
અવાજ જૂઠ્ઠાણાનો ગણજો.

ખાધો જે એ ડૂંડાનો નૈ,
ઓડકાર દાણાનો ગણજો.

તાપો છો જે ગરમાવો એ,
ભારેલાં છાણાનો ગણજો.

સાદ સલૂણો પશુ-પંખીનો,
ના એકે મા'ણાનો ગણજો.

એનાં ખુદનાં મોસાળામાં,
ભાગ એક ભાણાનો ગણજો.

લંડન, ઓગસ્ટ ૨૦૦૫